૮

<u>નવી બાબત ૨૦૧૯-૨૦</u>

સમરસ કન્યા છાત્રાલય, મોડાસાના બ્લોક એસ્ટીમેટ અને મકાન બાંધકામના નક્શા અને અંદાજોને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૨૦૧૯/૨૫૬૧૮૧/ન.બા.૬૩/ક

સચિવાલય, ગાંધીનગર

તા.૦૯/૧૧/૨૦૨૦

**<u>વંચાણમાં લીધા:</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૧૧/૧૯નો ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૨૦૧૯/૨૫૬૧૮૧/ન.બા.૬૩/ગ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૩૦/૦૯/૨૦નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૧/૨૦૨૦-૨૧/૫૦૪૨

**<u>આ મુ ખ:</u>**

રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતી જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ યુનિવર્સિટીના વડા મથકે ઉચ્ચ શિક્ષણમાં સારી રીતે અભ્યાસ કરી શકે તથા તેમને રહેવા-જમવા માટે સગવડ આપવાના હેતુથી સમરસ છાત્રાલયો ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૦૯/૧૧/૧૯ના ઠરાવથી સમરસ છાત્રાલય (કન્યા) મોડાસાના છાત્રાલયના અને સ્ટાફ ક્વાટર્સના બાંધકામ માટે રૂ.૧૬૬૨.૦૦ લાખની તથા વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબ પ્રથમ વર્ષે ૩૩% પ્રમાણે રૂ.૫૫૦.૦૦ લાખની નવી બાબતને માર્ગ અને મકાન વિભાગ પાસેથી અંદાજો મળ્યેથી રજૂ કરવાની શરતે તથા અન્ય શરતોને આધીન વહીવટી મંજૂરી આપેલ હતી. સદરહુ છાત્રાલય માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૩૦/૦૯/૨૦ના પત્રથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરેલ બ્લોક એસ્ટીમેટ તથા બાંધકામના નક્શા અંદાજો મોકલી તેને મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાને અંતે, સમરસ કન્યા છાત્રાલય, મોડાસાના છાત્રાલયના અને સ્ટાફ કવાર્ટરના બાંધકામ માટે રૂ.૧૬૬૨.00 લાખના બ્લોક એસ્ટીમેટ તથા બાંધકામના નક્શા અને અંદાજોને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- 03 SCW-3૧ સરકારી કુમાર/કન્યા છાત્રાલયોના મકાનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૦૯/૧૧/૧૯ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
  અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- મુખ્ય કારોબારી અધિકારીશ્રી અને નિયામકશ્રી(અજાક), ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૦